# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662903, Fax No: 2662902, Email-suratdeo@gmail.com

જા.નં.મા-૨/૨૦૨૪/૨૯૫૪ — તા.૦૭/03/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

જિ. સુરત.

વિષય: "નમો લક્ષ્મી" અને "નમો સરસ્વતી" ફ્લેગશિપ યોજના અંતર્ગત લાઈવ ટેલિકાસ્ટ નિહાળવા બાબત.

સંદર્ભ: કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/પરચ/૨૦૨૪/૩૨૪૧-૭૪, તા.૦૭/03/૨૦૨૪.

શ્રીમાન,

માનનીય વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સંકલ્પ સિદ્ધ કરવાના ઉદ્દેશ સાથે રાજ્યના વિદ્યાર્થીઓને અમૃતકાળમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભવિષ્યલક્ષી શિક્ષણ અને કારકિર્દીની ઉત્તમ તકો મળી રહે તે હેતુસર વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં માધ્યમિક એને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનુ સુદ્રઢીકરણ કરવા માટે **"મિશન સ્કૂલ્સ ઓફ એક્લેન્સ ૨.0"** શરૂ કરવામાં આવી રહ્યું છે. વધુમાં વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહન મળે અને તેમાં પણ કન્યાઓ ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કરે તે હેતુથી વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં મહત્વકાંક્ષી **"નમો લક્ષ્મી"** અને **"નમો સરસ્વતી"** યોજનાઓનો શુભારંભ કરવામાં આવી રહ્યો છે.

**"નમો લક્ષ્મી"** અને **"નમો સરસ્વતી"** ફ્લેગશિપ યોજના લોકાર્પણ કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ આપની કક્ષાએથી બહોળી સંખ્યામાં નિહાળવા વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. સદર લોકાર્પણ કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ વિદ્યાર્થીઓ, વાલીઓ, SMC તથા SMDCના સભ્યો, ગ્રામજનો, આગેવાનો, સમાજ સેવકો વગેરે નિહાળે તે અપેક્ષિત છે.

<u>લાઈવ ટેલિકાસ્ટની વિગતો:</u>

**સમય અને તારીખ:**

- સવારે ૯:30 કલાક, તા. ૦૯/03/૨૦૨૪, શનિવાર

**પ્રચાર માધ્યમ:**

- વંદે ગુજરાત ચેનલ નં-૫
- યુટ્યુબ ચેનલ
  (https://www.youtube.com/watch?v=cR4I_taXuKs)
- અન્ય સોશિયલ મીડિયા ચેનલ

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિલ્લો, સુરત.